શ્રીં ઉમાપતિને નમઃ

રમત ગમત

યાને

મોજ મજાહ

રચનાર

વિઠ્ઠલજી હેરામ જોશી

છપાવી પ્રસિદ્ધ કરનાર

પી. જી. ગુશાંઇ

ઠે. મીઠાધર—કરાચી.

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

કીંમત ફક્ત એક આનો

સિન્ધુ પ્રેસમાં હ. વા. ઠાકરે છાપ્યું,—કરાચી.

વાંચો ! વાંચો ! ! વાંચો ! ! !

જાહેર ખબર

પ્રમાણીકપણું એ એક કીર્તી મેળવવાનું ઉત્તમ સાધન છે.

અને તેજ પ્રમાણે અમારી દુકાનમાં સોનાં, ચાંદી, હીરા માણેક, મોતી, વિગેરેના ફેન્સી દાગીના નવી ફેશન મુજબ જેવાં કે બંગડી, સાંકળાં, બ્રેસલેટ, બ્રોચ, લાકીટ, બુટીઓ, એરીંગ, વીંટી, બટન, છેડા, નેકલેશ વિગેરે ઓરડરથી બનાવી આપવામા આવે છે.

માટે એક વખત પધારી ખાત્રી કરવા વિનંતિ છે.

ફક્ત એક પૈસાનું પોસ્ટકાર્ડ લખવાથી અમો તમારે ઘેર બેઠાં નમુના બતાવવા આવશું.

સુચના—અમોએ ખાસ ગ્રાહકોની સગવડ માટે સદરની દુકાન કાઢી નાખી મીઠાધર (સરાફ બજાર) માં નંબર ૮૨૭ વાળી દુકાન ખોલી છે.

ઝવેરી ચુનીલાલ બુલાખીદાસ,
ઠેકાણું—મીઠાધર (સરાફ બજાર) કરાચી,

અતિ રસદાયક કવિતાઓ

રચનાર—ત્રિકમજી જયરામ જોશી હજનાળીવાળા
(મોરબી)

(૧) ગણપતિનો ગરબો

(રાગ—માત આશા પુરી ગરબે રમે જીરે એ)

* ગરબો ગાયેં ગણેશની જીરે;
શંભુ સુત થાજો સહાય: નિત્ય દુંદાળા દેવને વિનવું જીરે,
સમરણ કરતાં સુખ પામીએ જીરે; દરશન કરે દુઃખ જાય. નિત્ય ૧
પટકુળ પ્રેમે પહેરીયાં જીરે, ખાસો દીસે છે ખુબ નિત્ય
સીંદુર સર્વાંગે શોભતું જીરે, દીસે છે આનંદ રૂપ. નિત્ય ૨
ચાર ભુજા સુંડાળને જીરે, ગવરીનો પુત્ર ગણેશ; નિત્ય
અમરપતિ આરાધતા જીરે, મહાતમ વધારે મહેશ. નિત્ય ૩
કેડે મનોહર મેખલા જીરે, ઘુઘરીયો એહ સર્યું; નિત્ય
બાંહે બાજુબંધ બેરખા જીરે, કુંડળ કનકનાં કર્યું. નિત્ય ૪
ઉપવિત શોભીત અંગનું જીરે, કંઠે સેવંતરાનો હાર; નિત્ય
મુષક ઉપર ચડી મહાલતા જીરે, હરદમ દુઃખ હરનાર. નિત્ય ૫
ડાબા તે હાથમાં કમળ છે જીરે, ફરશી છે જમણે હાથ; નિત્ય
કરમાં કમંડળ બેરખા જીરે, નમું નિત્યે ગણનાથ. નિત્ય ૬

હેતે હેરંબ ને પુજીયેં જીરે, શ્રીશુલધર જેના તાત; નિત્ય
ઇચ્છાથી અદકું આપશે જીરે, ઉમીયા એની માત. નિત્ય ૭
સુદ્ધ બુદ્ધ બે સુંદરી જીરે, ભોળા છે કાર્તિકભાઇ નિત્ય
રિદ્ધિ સિદ્ધિ બે દીકરી જીરે, ક્ષેમ કુશળ છે જમાઇ. નિત્ય ૮
લક્ષ ને લાભ બે દીકરા જીરે, સારૂં સોભે ઘર સુત્ર; નિત્ય
સાચે ભાવે કરી સેવીયેં જીરે, પારવતીનો પુત્ર નિત્ય ૯
સિદ્ધિ સમરતાં પામીએ જીરે, છે હરિહરનું વરદાન; નિત્ય
અમર અધિક આરાધતાજીરે, ગાંધ્રવ ગાતા ગાન. નિત્ય ૧૦
મઘવા મોહન શિવ સેવતા જીરે, વેદ વાંચે બ્રહ્મ દેવ; નિત્ય
સુકિત પુર જન સાંભળો જીરે, શિવ સુતની કરો સેવ નિત્ય ૧૧
ગરબા ગાયો ગણેશનો જીરે, હ્રદયે ધરીને હુલાસ; નિત્ય
ગાય શીખે જન સાભળે જીરે, ગુણપત પુરે આસ. નિત્ય ૧૨
ઓગણીસેં ને સીતેરમાં જીરે, ઉત્તમ આસો માસ; નિત્ય
શુભ પાંચમ શનિવાર છે જીરે, વિનવે વિઠ્ઠલદાસ. નિત્ય ૧૩

(૨) વિમળશાનો ગરબો

* ભણું ભવાની ભારતી રે (બહુચરી) લાગું લંબોદર પાય;
નિર્મળ વાણી આપજોરે (બહુચરી) વિમળનો ગરબો થાય ૧
એક હતો વિમળ વાણીયોરે (બહુચરી) બાપે મેલ્યો નાનું બાળ
માતા રહે મોશાળમાંરે (બહુચરી) રૂડી થવા રખવાળ ૨
વિમળ થયો વર્ષ બારનોરે (બો) મામે મેલ્યો છે નિશાળ
ભણતાં ગણતાં નવ આવડયુંરે (બો) થયો ગાયુંનો ગોવાળ ૩

૬

સુરભી સેવાથી જ્ઞાન ઉપનુરે (ઓ) ભયો દેવીને દેદાર
પાતીક હતા તે પ્રલે થયાંરે (ઓ) પ્રગટયો છે પુન્ય પરીવાર ૪
દારૂણ દુઃખીયો દેખીનેરે (ઓ) પોતે થયાં પરસન
વધાયોઁ વિમળ વાણીયોરે (ઓ) આપી અને કરૂં ધન ૫
ખોડલ આપે તે ખામી નહિરે (ઓ) પુરણ પ્રબળ પરીવાર
હાથી ઝુલે હેમ સાંકયેરે (ઓ) અશ્વ ઉભા છે અપાર ૬
ચતુર દળ લઇ ચાલીયોરે (ઓ) જેમ જમુના જલપુર
ભૂપ આવે ભલા ભેટવારે (ઓ) દંડવત કરે રહિ દુર ૭
રાજા તે રોમને જીતીયોરે (ઓ) જીત્યા બીજા સહુ રાય
વિમળ જીતીને વેલો આવીયોરે (ઓ) પડયો દેવીને પાય ૮
માગ્યા પ્રમાણે માયે આપીયુંરે (ઓ) ચણાવું દેવળ સાર
અંબા આબુ પર આવીઆરે (ઓ) વળતી ન લાગી વાર ૯
વરસ ઘણા વિત્યા પછીરે (ઓ) ચંડી કરે છે વિચાર
ભાવ જોવા મુજ ભકતનોરે (ઓ) વેલી કરૂં હું વાર ૧૦
અમાની એક અહંકારીઓરે (ઓ) તેજ જેવાની ટેક
માતાએ સેવક મોકલ્યો રે (ઓ) જેવા તણીકનો વિવેક ૧૧
મોભાએ આવ પુછ્યું રે (ઓ) કેમ વિમળશા શેઠ
મહા માયાના પ્રતાપથી રે (ઓ) મળી ભૂપ તણી ભેટ ૧૨
દેવળ દેવીના દીપાવીયાં રે (ઓ) વદે વિમળશા આપ
દીધેલ નથી મુને દેવીયે રે (ઓ) મળેલ મુજ પરતાપ ૧૩
એવો અહંકાર આવીયો રે (ઓ) દેવી શું છે દેનાર?
મંદીર માતના ચણાવીયાં રે (ઓ) માનો મારો આભાર ૧૪

અહંકાર જોઇ વણીકનો રે (ઓ) કીધી દેવીને વાત
મસ્ત થયો માયા થકી રે (ઓ) મોક દાળો મુજ માત ૧૫
અંબાયે અગની મોકલ્યો રે (ઓ) બાળા ઘોડાની ઘોડાર
શદ્ધર મોતંગ મારીયો રે (ઓ) પ્રલય કર્યો પરીવાર ૧૬
વિમળ મન વિચારીયું રે (ઓ) કેવળ દેવીનો કોપ
પ્રજળશે પુર માય રે (ઓ) આશ લક્ષ્મીનો લોપ ૧૭
કર જોડીને વૈશ્ય કરગરેરે (ઓ) માજી કરોને મયાય
ક્રૂર પાપીનું પ્રલ થયુંરે (ઓ) લાગી છે પુરમાં લાય—૧૮
ભણ્યું અવોબન આવર્યારે (ઓ) દેવી તારો થઇ દાસ
અલ્પા તારા અહંકારથીરે (ઓ) નકી થયો છે નાસ—૧૯
નાખું દેવળ પણ પાચનેરે (ઓ) રેવા વિમળશા નામ
પાપના સેવક પોતે કર્યોરે (ઓ) આપો અવિચળ ધામ—૨૦
ઓગણીસેં ને સીત્તરમાંરે (ઓ) ઉત્તમ આસો માસ
તિથિ આતમ શનિવાર છેરે (ઓ) ગાયો દેવીનો રાસ—૨૧
ગાય શીખે જન સાભળેરે (ઓ) અંબાજી પુરે આસ
વિપ્ર વિઠ્ઠલ કરે વિનતીરે (ઓ) દેવી તણો થઇ વાસ—૨૨

(૩)

(તારે સાથે નગારાં વાગે મોતનારે—એ રાગ)

* પાપ પંથમાં પાઇ નહિ પાળનેરે
પુણ્ય ખાતામાં પૂરણ પ્રેમ એવા ભક્ત ભૂદરના બાલજોરે—ટેક
શોભે સત્ય વચન જેના કંઠમાંરે, રૂડી રાખે છે રંક પર રેમ. એવા ૧
પરધન પત્થર કરી માનતારે, પર માનની માત સમાન. એવા ૨

જુઓ આત્મા સમાન સહુ જીવનેરેદીયે દીન જનોને દાન. એવા ૩
નિત્ય નિર્મળ નીરમાં નાયછેરે, સત્સંગ સરૂપીગંગ. એવા ૪
નથી વ્યસન એકે વળી અંગમાંરે, સુખકારી છે સંતનો સંગ. એવા ૫
મદ મોહને મનથી મારતારે, વળી વિષય તણો નહિ વાસ. એવા ૬
કા ‑ ક્રોધ કુટીલ જેને કાઢીયારે, તેને વિનવે વિઠ્ઠલદાસ. એવા ૭

(૪)

(ચાલો સૈયર સત્સંગમાં રંગભર રમીએ રાસ એ—રાગ)

* મદાંધ મનને મનાવીએ, પીંડ પુરી મોઝાર એ ટેક
કેમ રિસાણા કારમાં, આપું જોઇયે તે આવાર ૧
રમકડાં રામ ચરિત્રનાં, આપું કહોતો અપાર
બાજી રમોને બહાદુર થઇ, વીરાન કરશો વાર ૨
કાયા શહેરના કંદોઇથી, પ્રેમના દઉં પકવાન
સ્થિરતા નગરના થાળમાં, સુખે જમોને સુજ્ઞાન. કેમ રિસાણા૦—૩
ધોતીયા ધીરજ ગામના, સમજણ અંગરખું સાર
મોહ વેચીને લાવું મોળીયું, ધર્મરૂપ છોગલું ધાર્ય, કેમ૦ ૪
ઉંચી સંગતની ઉતરી, પહેરાવું ધરી પ્યાર
કુંડલ કરાવું કરૂણાતણા, ચુનીશોભે સુવિચાર. કેમ રિસાણા૦ ૫
પેરાવું ટુંપીઓ પ્રેમનો, માળા મોતી મરજાદ
અશોક અંગુઠીયા ઓપશે, રામનામ ઘુઘરી નાદ. કેમ રિસાણા૦ ૬
મઢાવું હીરલો મોક્ષનો, રટણ રેશમની માંય
પોંચી પવિત્રાઇ પેરજો, બુદ્ધિ બાજુ બંધ બાંધ. કેમ રિસાણા૦ ૭

કપટ વેચીને કંદોરડો, તે પણ લાવું તુજ કાજ
લોઢા પહેરો હેમ ત્યાગના, વધે લાખેણી લાજ. કેમ રિસા૦ ૮
શાંતિની શીવેલ મોજડી, ટેકના તાર અથોક
ઘોડે બેસારૂં ધણા જ્ઞાનને, કુંવે કરૂણાને ચોક. કેમ રિસાણુ૦ ૯
સત્સંગ સોનાની ગાડીયે, જર્ણાના જોડું તોખાર
ધ્યાન રૂપી છત્રી ધારજો, સુરેણી તરીયો સાર. કેમ રિસાણુ૦ ૧૦
ગાદી ગરીબાઇ ગોઠવું, મેળવો મોટું માન
સુરત શહેરની સાહેલીયો, ગાય ગાણાં બ્રહ્મજ્ઞાન. કેમ રિસાણુ૦ ૧૧
નીતિની નાયકા નચાવીયે, નિવૃતિ પરણો નાર
અહોંતેર બેઠકને બંગલે, ચોરી રચું વેદ ચાર. કેમ રિસાણુ૦ ૧૨
બાવન બનો ખંડ દોયના, દેખો દફતર અઢાર
શિલતાનાં જલ છંટાવીયે, શોભે વાડી સુવિચાર. કેમ રિસાણુ૦ ૧૩
મધુર વચનના મૂળથી, જોગનાં ઉગશે ઝાડ
ચીવટ રાખી નહિ ચોંપશો, તૃષ્ણા તણો જે તાડ. કેમ રિસા૦ ૧૪
કીર્તિ ફરી ડાળીયે, પ્રભુ ભજન તે પાન
સુમન સુમતિ નામના, સુકૃત સુફલ સમાન. કેમ રિસાણુ૦ ૧૫
શીલ સંતોષને છાંયડે, વીરા ધરો હરિ ધ્યાન
વિપ્ર વિઠ્ઠલની વિનતું, મૂરખ મનતું માન
કેમ રિસાણા કહો કારમાં, આપું જોઇયે તે આચાર
મહાં મનને મનાવીયે, પી.ડ પૂરી મોઝાર

(૫)

(ગોવીંદ જાણ્યા વિનાના વર્ષો ગાળીયાં રે એ રાગ)

*તારા શત્રુ મોહાદિક માનનેરે (૨) ટેક

ક્ષમા ખડગ લ્યો કરમાં ધારી, સત્ય નામ સમસેર સુધારી
બાનું અરજી ભારી હીમત વાનનેરે. તારા શત્રુ૦

ઢાલ ધીરતા ભકિત ભાલો. સંજમ બખ્તર પહેરી ચાલો,
મોહજીત થઇ માલ્હો, ઘોડે જ્ઞાનનેરે. તારા શતરૂ૦

લગામ લક્ષ પ્રેમ પલાણો, ચાબખ રૂચી ચિંત પ્રમાણો,
જુધ કરી સૌ જાણો, ધરી હામનેરે. તારા શતરૂ૦

કાયાના રીપું છે કોધી, વયકુંઠ રસ્તાના વિરોધી,
મારો શતરૂ શોધી, મન મસ્તાનનેરે. તારા શતરૂ૦

કહે વિઠલ જન જીત્યા શાણા અવર મોહમાં પડી મુંઝાણા
તૃષ્ણા માંહી તણાણા, ભુલી ભાનનેરે. તારા સતરૂ૦

(૬) રાગ ઉપરનો

* પ્રીતમ પ્યારા પ્રભુજી પોઢો પારણેરે. (૨) ટેક

નીતિ નીર વડે નવરાવું, ભાવ તણા ભોજન ખવરાવું,
ગીત મધુર ગવરાવું, ઝુલો પરાગેરે. પ્રીતમ૦

વસ્ત્ર વિવેક ધરાવું અંગે, પાઘ પ્રેમની પીળા રંગે,
ઉપરણી ઉમંગે, ધારો ધારણેરે. પ્રીતમ૦

હીંડોળો હઇયામાં બાંધી, સુરતા સુતર દોરી સાંધી,
અહોનીશ આરાધી, જાઉં વારણેરે. પ્રીતમ૦

પ્રેંખીકા વિઠલ પધરાવું, હરદમ હીંમત હંસ કરાવું,
પોપટ તે ચીતરાવું, જોવા કારણેરે. પ્રીતમ પ્યારા૦

(૭)

(બોલમાં બોલમાં બોલમાંરે, સીતારામ વિના બીજું બોલમાં એ-રાગ)

ભુલમાં ભુલમાં ભુલમાંરે, પ્રાણી પ્રભુ ભજન હવે ભુલમાં—ટેક
દેવને દુર્લભ દેહ મનુષ્યનો, પામી વિષય સંગ ઝુલમાંરે. પ્રાણી૦
માખન મધુરસ નામ મુકીને, ડાકલાં સાથે ડુલમાંરે. પ્રાણી૦
દારા ને દીકરા વઇભવ દેખીને, ફંદી ફીતુરી ફુલમાંરે. પ્રાણી૦
જગપતિને જાણ્યા વિના જાય, મણી પથ્થરના મુલમાંરે. પ્રાણી૦
વિઠલ વિપ્રનું વપુ મલ્યું તે. સોનું ધમોકાં ધુડમાંરે. પાણી૦

(૮) (રાગ ઉપરનો)

જાગીયા જાગીયા જાગીયારે, હરી ભજન કરે તે જન જાગીયા—ટેક
કૃષ્ન ભજન વિના કુંભ કરણ થઇ, ઉંઘે ભલેને અભાગીયારે હરી૦
સંત સમાજમાં સુરતા જો હોયતો, ડંકા વિનોદના વાગીયારે હરી૦
મહા પદારથ માનવ દેહમાં, પ્રભુ ભજે તે સુભાગીયારે હરીભ૦
વિષય કેરા રસને વિદારી, પ્રેમ પીયાલા માગીયારે હરી૦
દાસ દામોદર દેવના દેખી, લગી લગી પાય લાગીયારે. હરી૦
વિઠલ વિભુને પાય પડીને, આરાધે છે અનુરાગીયારે હરી૦

(૯) રાગ ઉપરનો

* જાયછે જાયછે જાયછે રે, જોગ માયા ભજે દુઃખ જાયછેરે—ટેક
માત ભવાની ભજન વિનાતો, મુરખ મુકિત ચાગછેરે જોગ૦
દેવી દરશન વિના દારૂણુ દુખીયા, ગોથાં ખાડામાં ખાયછેરે. જો૦
માનવ તન તુને માંડ મલ્યું છે, જનમ અવરથા જાયછેરે જો૦
માત ભવાની ભાવે ભજેતે, સુખી સંસારમાં થાયછેરે જો૦
વિપ્ર વિઠલજી વિનતી કરીને, ગુણ ગોરીના ગાયછેરે જો૦

(ઓધવજી મારા ઘર પધરાવે. મોહન મોરલી વગાડે જો એ રાગ)

* વિનતી વાલા કરૂં તારી, અરજી અરજી ઉરધારે —ટેક

મોહજળ ભરીયું ભવસાગર માં, તૃષ્ણા તરંગ ના તીનારો. વિ૦

કામ અને ક્રોધના કાદવના કારમો, ખુચતાં જીવ થયો ખારો.

મદ રૂપી મહા મગરના ડરથી, આતાને અબીયા ઉગારો. વિ૦

પાપના પુંજનો પવન પ્રકોપે, મારગ મુકાવ્યો છે ચારો.

બળતા નામનો ખડક મોટો, ભક્તિ નાવને ભાંગનારો. વિ૦

ભવસાગરમાં વાણુ વિમાણુ, ના ઉગરવાનો આરો

વિપ્ર વિઠલની વિનતી વાલા દુઃખહર ગીરધર ઉરધારો વિ૦

(૧૧) (રાગ મીરાંબાઇના રાસડાઓ)

*પ્રભુ પ્રસન કરવાનું સાધન પ્રેમ છે રે

વિમલ વાણી એવી વેદ વિષે વંચાય

ભવ ભયના ભેદક ભુધરની ભક્તિ કરો રે

મોહ માયા મમતામાંથી મનને વાળજો રે

રાધા રમણ રાજી ભક્તિ ભાવે થાય... પ્રભુ૦ ૧

---

* આ નિશાની વાળી " કવીતાઓ " કવિરાજ ઉદયરાજ ખોડાભાઇ ના પવિત્ર નામાંકિતથી ઉભી થયેલ "ઉદયઆનંદ મંડળી"માં અગ્રાતિ કવિતાઓ રચનાર વિપ્ર વિઠલજી જયરામ જોશી હજનાળી વાળાની રચેલ છાપી છે.

સાખી—વ્યાધ હતો આ વિશ્વમાં. નેક નહિ આચાર
હિંસકને પણ હરિ મળ્યા પ્રેમ તણે આધાર
મોટા મુનિને પણ દુર્લભ મુકિત પામીયો રે
એવો પ્રેમ લક્ષણા ભકિતનો મહીમાય પ્રભુ૰ ૨

સાખી—વિદ્યા વિનય વિવેક તે શીખ્યો શું માતંગ
જળમાં હાર્યો ગ્રુડથી, સંભાર્યા શ્રીરંગ
ચઢી ગરૂડે ગીરધારી વેલા આવીયા રે
અચળ મુકિત આપી ઉગારી ગજરાય પ્રભુ૰ ૩

સાખી—રૂપ જોઇને રમાપતિ રીઝે નહિ લગાર
કુબજા કેરા પ્રેમથી પ્રસન થયા કીરતાર
નોંધું રૂપ એના અંગમાં નિહાળીયું રે
જોઇ પ્રેમ અને રીઝયા જાદવરાય પ્રભુ૰ ૪

સાખી—ધ્રુવ હતા હજી ધાવણા પણ મળીયા મોરાર
અચળ આસન આપીયું, એક ટેક આધાર.
નહાના મોટા પણું નાથ નથી નીહાળતા રે
ધરે ધ્યાન તેની વારે વાલો ધાય પ્રભુ૰ ૫

સાખી—સહુ સાધનમાં શ્રેષ્ટ છે, ધરણી ધરનું ધ્યાન
પ્રેમે પ્રભુજી રીઝશે, ભકતાધીન ભગવાન
વિઠલ પ્રેમ ભકિતથી પુરૂષોતમને પુજીએ રે
"હૃદય આનંદ મંડળી" ગુણ ગાય૰ પ્રભુ૰ ૬

(૧૨) (રમવા નીસર્યાં એ ઢાળ)

*સુડાળાને સમરીએ, વળતી વીણામાત નાવા
માન સરોવર ચાલીયાં, જગમાં જે વિખ્યાત, નાવા ૧

કુંકણ ખોચર કાળકા. વજર જોગણી જાય, નાવા
સતશંગની ચંડીકા, કંચન સરખી કાય, નાવા ૨

આરાસુર આશાપુરી, કાળી ચાંપાનેર, નાવા
સેજીત્રે ખોજાઈ ખરી સાથે સખીયું તેર, નાવા ૩

શૈલગોરી ગરનારમાં વીણાનો છે વાસ. નાવા
વરદાઈ વર આપતી પીતાંબર છે પાસ, નાવા ૪

અશારવાની વાવમાં કાકેશ્વરી માય, નાવા
આશ પુરણા આપતી માતરેશ્વરી ગાય, નાવા ૫

હીંગળાજ પરસિદ્ધ છે, મારવાડ ચામુંડ, નાવા
ત્રિશુલવાળી તોતળા નામ ખ્યાત નવ ખંડ, નાવા ૬

કચ્છ વસે આશાપુરી નારાયણી છે નામ, નાવા
ખાનદેશ નરૂણા મુખી કનકાઈ કરતી કામ, નાવા ૭

જગ જાહેર જવાળા મુખી દુર્ગા દેવી સાથ, નાવા
ત્રીભુવનમાં ત્રીપુરેશ્વરી શોભે સુંદર હાથ, નાવા ૮

મહા લખમીજી માત તે હાજર છે હરિદ્વાર, નાવા
ખળકે ખોડલ ચુડલો તું છો તારણ હાર, નાવા ૯

બાળા બહુ બીરાજતા કનકાઈ કામરૂ દેશ, નાવા
ચોસઠ સાથે શોભતાં ખોચર બાળા બેશ, નાવા ૧૦

પ્રાગરાજ છે પાર્વતી સાથે શંકર દેવ, નાવા
ત્યાં મુનિ આરાધના, સુરનર કરતા સેવ, નાવા ૧૧
નૈનાથી આઇ આવીઆ નંદા આનંદ નામ, નાવા
અનેક દેવી ઓપતી કુંતા કાશી ધામ, નાવા ૧૨
જાગનમાં સીંધવાઇ છે મપલીપરની માંય, નાવા
સુરછા વાળા નગર ઠેઠે દરશનથી દુઃખ જાય, નાવા ૧૩
ઉંટવાળી છે પાળેક મોટો મહિમા માત, નાવા
જગદા મુખી અરબુદા આબુમાં રળીઆત, નાવા ૧૪
મુંગી મંગળા વીકરાળી ભદ્રા પાટણ ગામ, નાવા
અમદાવાદે ઓપતું ભદ્રકાળીનું ધામ, નાવા ૧૫
શક્તિપુર શકિત વશે ખોડી દેવ ખચીત, નાવા
હજનગામ હજનાળીએ રાજલ રૂડી રીત, નાવા ૧૬
સુંદરી સર્વ સામટી માનસરોવર જાય, નાવા
ફેર ફેરમાં કુદડી નિરમળ નીરે નાય, નાવા ૧૭
નાદને આઠ નીસર્યાં ફેરી ગયાં નિજધામ, નાવા
શકિત સાગા નામથી શકિતપુર છે ગામ, નાવા ૧૮
સકત અલી હજન તણું છે હજનાલી નામ, નાવા
વિઠ્ઠલ વિનવે માતને પ્રેમે કરી પ્રણામ, નાવા ૧૯